॥ श्रीजिनाय नमः ॥

॥ सूरचंद्रचरित्रम् ॥

(मूल अने भाषांतर सहित) (कर्ता—श्रीवर्धमानसूरि)

—:छपावी प्रसिद्ध करनार:—

पण्डित हीरालाल हंसराज—जामनगर.

(सने १९३५) मुद्रकः—श्रीजैनभास्करोदय प्रिन्टिंग प्रेस. (वीरसंवत् २४६१)

किंमत ०-१२-०

॥ श्रीजिनाय नमः ॥

॥ श्रीसूरचंद्रचरित्रम् ॥

छपावी प्रसिद्ध करनार—पण्डित श्रावक हीरालाल हंसराज (जामनगरवाळा)

पापध्वान्तभिदस्तस्य सम्यक्त्वस्य रवेरिव । राशिवद्द्वादशश्राद्धव्रतान्याभोगवृत्तये ॥१॥

अर्थः—पापोरूपी अंधकारनो नाश करनारा सूर्यसरखा ते समकीतनी राशिओसरखा भोगववा माटेनां श्रावकना बार व्रतो छे. १

निरागस्त्रसहिंसाङ्गपीडारक्षणलक्षणम् । प्रथमं तेष्वहिंसाख्यं श्राद्धानां स्यादणुव्रतम् ॥२॥

अर्थः—तेओमां पहेलुं निरपराधी त्रस जीवोनी हिंसा न करवारूप, तथा तेओनां शरीरने पीडा न उपजाववारूप अहिंसा नामनुं श्रावकोनुं पहेलुं व्रत होय छे. ॥२॥

सुकृताम्भोजहंसीयर्हिंसैवातिनिर्मला । भवमोक्षजलक्षीरविवेकाय निषेव्यते ॥३॥

अर्थः—पुण्यरूपी कमलने (शोभावनारी) हंसीसरखी, अने अतिनिर्मल एवी आ अहिंसा एटले दयाज संसार अने मोक्षरूपी जल तथा दूधने जूदा करवा माटे सेवाय छे. ॥३॥

भूस्वर्गभोगसौख्यश्रीसोपानश्रेणिशालिनी । अहिंसा नाम निःश्रेणिर्निःश्रेयसगमावधिः ॥४॥

अर्थः—पृथ्वी अने स्वर्गना भोगोनी सुखलक्ष्मीरूपी पगथीयांओनी श्रेणिथी शोभती, अने छेक मोक्षसुधी उपर चडावनारी दयानामनी निःश्रेणी छे. ॥४॥

हिंसा निरन्तरं दुःखमहिंसा तु परं सुखम् । जन्तोर्ददात्यहो सूरचन्द्रयोरिव तद्यथा ॥५॥

अर्थः-अहो! हिंसा हमेशां दुःखने, तथा अहिंसा परम सुखने सूर अने चन्द्रनी पेठे प्राणीने आपेछे, ते ओनुं उदाहरण नीचेमुजबछे.५

अस्ति रूपेण संपत्त्या सुकृतोपचयेन च । पुरन्दरपुराल्लब्धजयं जयपुरं पुरम् ॥६॥

अर्थः— (लोकोनां) रूप, समृद्धि तथा पुण्यना समूहवडे करीने, इंद्रना नगरपासेथी पण जेणे जय मेळवेलो छे, एवुं जयपुरनामनुं नगर छे. ॥६॥

अभूद् भूपः श्रियां पात्रं तत्र शत्रुञ्जयाह्वयः । यद्यशःक्षीरधिर्वैरिदुर्यशःशैवलाद्बभौ ॥७॥

अर्थः—ते नगरमां लक्ष्मीना भाजनरूप शत्रुंजयनामनो राजा हतो, के जेनो यशरूपी महासागर वैरिओना अपयशरूपी शेवालथी शोभतो हतो. ॥७॥

तन्दनौ सूरचन्द्राख्यौ तस्याभूतां मतौ सताम् । सूरचन्द्राविवोत्स्द्रिानन्दं कर्तुमिदं जगत् ॥८॥

अर्थः—आ जगतने प्रगटरीते आनंद करवाने सूर्य अने चंद्रसरखा, अने सज्जनोने माननीक एवा, ते राजाने सूर अने चंद्र नामना बे पुत्रो हता. ॥८॥

ज्येष्ठे श्रेष्ठगुणभ्रान्त्या बिभ्राणः स्नेहविभ्रमम् । स तस्मै सूनवे राजा युवराजपदं ददौ ॥९॥

अर्थः—म्होटामां उत्तम गुणो होय, एवी भ्रमणाथी तेपर स्नेहविलासने धारण करनारा ते शत्रुंजयराजाए ते सूरनामना पुत्रने युवराजनी पदवी आपी. ॥९॥

चन्द्रस्य तु महीन्द्रेण न वृत्तिरपि निर्ममे । ततः स चिन्तयामास स्वावासशयनो निशि ॥१०॥

अर्थः—चंद्रनामाना ते न्हाना पुत्रनी तो राजाए कंइ आजीविका पण करी आपी नही, तेथी पोताना आवासमां सूतो सूतो ते रात्रिए विचारवा लाग्यो के, ॥१०॥

सूरोऽस्य विदधे राज्ञा युवराजः स्वयं मुदा । न पत्तिरप्यहं वृत्त्या पितुर्मोहः कियानहो ॥११॥

अर्थः—राजाए पोते आजे हर्षथी सूरने तो युवराज बनाव्यो, अने मने आजीविका जेटलुं पण न आप्युं. अहो! पिताजीनी केटली गेरसमज छे? ॥११॥

पराभूतस्य तद्राज्ञा स्थातुं मेऽत्र न युज्यते । कलभः किं वसेद्यूथे यूथेशेनापमानितः ॥१२॥

अर्थः–माटे राजाए तिरस्कारेला एवा मारे अहीं रहेवुं लायक नथी, केमके यूथनायकथी अपमान पामेलो युवान हाथी शुं

पछी ते यूथमां रहे छे? ॥१२॥

एवं विचिन्त्य निस्तन्द्रश्चन्द्रः सान्द्रपराभवः । अचलद्दलितस्नेहः स्वगेहाल्लिङ्ग्यलक्षितः ॥१३॥

अर्थः–एम विचारीने अत्यंत दुभायेलो ते चंद्रकुमार (कुटुंबपते) स्नेहरहित थइने रात्रिए कोइने जणाव्याविना छुपीरीते पोताने घेरथी सावधान थयोथको चाली निकळ्यो. ॥१३॥

चित्तावेशहृतक्लेशः स्वदेशत्यागरागभृत् । कुमारः सुकुमारोऽपि दूरे देशान्तरेऽविशत् ॥१४॥

अर्थः—हृदयना उत्साहथी दूर थयेल छे क्लेश जेनो, अने पोताना देशनो त्याग करवामां आनंद मानतो. एवो ते चंद्रकुमार सुकुमाल छतां पण दूर देशांतरमां दाखल थयो. ॥१४॥

रत्नपत्तनमित्यत्र पत्तनं विद्यतेऽद्भुतम् । तदुद्यानसमीपेऽस्थाचन्द्रः श्रान्तस्तरोस्तले ॥१५॥

अर्थः–हवे अहीं रत्नपत्तन नामनुं अद्भुत नगर छे, तेना उद्यानपासे आवेला एक वृक्षनी नीचे थाकी गयेलो ते चंद्रकुमार बेठो.

श्रुतिपेयं स्वरं श्रुत्वा ततस्तदनुसारतः । विशन्नारामद्राक्षीचन्द्रः साधुं सुदर्शनम् ॥१६॥

अर्थः–पछी कर्णमां सांभळवा लायक ध्वनि सांभळीने, तेने अनुसारे ते उद्यानमां दाखल थतां ते चंद्रे सुदर्शननामना मुनिने जोया.

सभागर्भावनौ नत्वा तत्त्वार्थादेशकं मुनिम् । तन्मुखादिति शुश्राव स धर्मं भावपावनः ॥१७॥

अर्थः–सभानी वचली भूमिमां [बेसीने] तत्वार्थनो उपदेश देता ते मुनिराजने नमीने, तेमना मुखथी पवित्र भाववाळो ते चंद्रकुमार नीचेमुजब धर्मदेशना सांभळवा लाग्यो. ॥१७॥

सापराधा अपि प्रायो गेहिभिः पुण्यदेहिभिः । न हन्तव्यास्त्रसास्तावत्किं पुनस्ते निरागसः ॥१८॥

अर्थः-पवित्र शीरवाळा गृहस्थोए तो अपराधी त्रस जीवोने पण हणवा जोइये नही, त्यारे तेवा निरपराधी जीवो माटे तो कहेवुंज शुं? ॥१८॥

इत्यादिदेशनां कर्णदेशनान्दीं निशम्य सः । प्रपद्य करुणामेवं स्वगिरा प्रत्यपद्यत ॥१९॥

अर्थः-[पोताना] कर्णभागने आनंद आपनारी इत्यादि देशना सांभळीने ते चंद्रे जीवदयाने स्वीकारीने पोताना वचनथी नीचे मुजब अंगीकार कर्युं. ॥ १९ ॥

मयापराधिनोऽप्युच्चैरुपरोधेऽपि च प्रभोः । जन्तवो हन्त हन्तव्या नान्यतः शौर्यवृत्तितः ॥२०॥

अर्थः—मारे म्होटा अपराधी जीवोने पण, स्वामिनो आग्रह छतां पण, तेम बीजी कोइ सुभटवृत्तिथी पण, अरेरे! जीवोने मारवा नही. ॥ २० ॥

इत्यात्तनिश्चयश्चन्द्रो नत्वा सत्त्वगुरुर्गुरून् । पुरे तत्रैव धात्रीशं जयसेनमसेवत ॥२१॥

अर्थः-एरीते निश्चय करीने महापराक्रमी ते चंद्रकुमार ते गुरुमहाराजने वांदीने तेज नगरमां (त्यांना) जयसेन नामना राजानी सेवा करवा लाग्यो. ॥२१॥

शौचसत्यौचितीदाक्ष्यदाक्षिण्यादिभिरद्भुतैः । निजैः सेवागुणैरेवाभवद्भर्तुरयं प्रियः ॥२२॥

अर्थः-पवित्रता, सत्य, उचितता, चतुराइ तथा दाक्षिणता आदिक पोताना अद्भुत सेवागुणोथी ते राजाने प्रिय थइ पड्यो ॥२२॥

निवेश्य रहसि प्रेतहसितस्नपिताधरः । लपति स्म पतिः शुद्धविवेकममुमेकदा ॥ २३ ॥

अर्थः—एक दिवसे प्रेमवाळां हास्यथी स्नान करावेल छे होठोने जेणे एवा ते राजाए निर्मल विवेकवाळा ते चंद्रकुमारने एकांते बेसाडी कह्युं के,॥ २३ ॥

अपीन्द्रसमरे धीरा वीराः क्षीराभकीर्तयः । ये सन्ति मे तृणानीव त्वदृष्टिस्तानवीक्षते ॥ २४ ॥

अर्थः—इंद्रसाथेना युद्धमां पण जे मारा दुधसरखी उज्जवळ कीर्तिवाळा धैर्यवंत सुभटो छे, तेओने पण तारी दृष्टि तणखलांना पेठे जोइ रही छे. ॥ २४ ॥

क्रियाकथितनिःशेषगुणस्य तव पौरुषम् । दृष्टिर्दिशत्यसौ धैर्यरसार्णवनवाब्जिनी ॥ २५ ॥

अर्थः—कार्यथी कही आपेल छे सर्व गुणो जेणे एवो जे तुं, तेनी धैर्यरूपी रसना महासागरमां नवी कमलिनी सरखी आ दृष्टि पराक्रमने सूचवी रही छे. ॥ २५ ॥

तद्वीरवारकोटीर वैरिशल्यं मम स्खलत् । तूर्णमाकर्ष हृदयादुदयादपि रोपितम् ॥ २६ ॥

अर्थः—माटे हे शूरवीर शिरोमणि ! दाखल थवाथी खूंचता एवा शत्रुरूपी शल्यने (मारा) हृदयमांथी उगतुंज तुं तरत (जड-मूळथी) खेंची कहाड? ॥ २६ ॥

अन्यायमदिराकुम्भः कुम्भ इत्युग्रशुम्भनः । मन्न्यायवृक्षकरटी चरटीभूय वल्गति ॥ २७ ॥

अर्थः—अन्यायरूपी मद्यना घडासरखो, भयंकर विनाशवाळो, तथा मारा न्यायरूपी वृक्षने उखेडी नाखवाने हाथीसरखा

कुंभनामनो मनुष्य धाडपाडु थइने उन्मत्तपणे कुद्या करे छे. ॥ २७ ॥

स्त्रीश्च गाश्च हरत्येष क्रूरो हन्ति यतीनपि । चमूरुद्धो यमस्यापि दुर्गमं दुर्गमश्नुते ॥ २८ ॥

अर्थः—ते दुष्ट कुंभो स्त्रीओ तथा गायोने हरी जाय छे, मुनिओने पण मारी नाखे छे, अने ज्यारे तेने सैन्यथी रोकवामां आवे छे. त्यारे ते यमराजाने पण दुर्गम एवा किल्लामां भराइ बेसे छे. ॥ २८ ॥

तत्तद्दुर्गं महादुर्गवल्गनो वल्गुविक्रमः । गुप्तं प्रविश्य तं सुप्तं मत्प्रमोदाय दारय ॥ २९ ॥

अर्थः—माटे मने खुशी करवा माटे अति विकट स्फुर्तिवाळो, तथा मनोहर पराक्रमवाळो एवो तुं ते किल्लामां गुप्त रीते प्रवेश करीने तेने सूतो चीरी नाख? ॥ २९ ॥

इत्यात्तवाचि भूपे गां चन्द्रोऽमुञ्चत्सुधामयीम् । प्रारब्धतीर्थकृद्धर्ममहासागरजागराम् ॥ ३० ॥

अर्थः—राजाए एम कहेवाथी ते चंद्रकुमार तीर्थंकर प्रभुना धर्मरूपी महासागरमांथी उछळेली अमृतमय वाणी बोलवा लाग्यो के—

हन्तुं जन्तूनयुद्धेषु प्रत्याख्यानं प्रभो मम । युद्धेष्वपि परित्रस्तानस्तानन्दान्निरायुधान् ॥ ३१ ॥

अर्थः—हे स्वामी! युद्ध नही करनारा प्राणीओने हणवानां मारे पच्चख्खाण छे, तेम युद्धमां पण भयभीत थइ नाशता, उत्साह-रहित थयेला अने शस्त्रविनाना जीवोने पण (हणवानां मारे पच्चख्खाण छे.) ॥ ३१ ॥

इत्यस्य निश्चयं शौर्यमयं धर्ममयं च सः । नृपो मत्वा मनश्चक्रे मदसंमदयोः पदम् ॥ ३२ ॥

अर्थः—एवीरीतनो तेनो शौर्यपणानो तथा धर्मनो निश्चय जाणीने ते राजाए पोतानां हृदयने अभिमान तथा हर्षना स्थानरूप कर्युं.

अध्यक्षमङ्गरक्षाणामग्रण्यं मन्त्रिणामपि । सर्वेश्वरं च तं चक्रे क्रमात्प्रीतः क्षमापतिः ॥ ३३ ॥

अर्थः–अनुक्रमे खुशी थयेला राजाए तेने अंगरक्षकोनो स्वामी, मंत्रीओनो पण अग्रेसर अने सर्वनो स्वामी बनाव्यो. ॥३३॥

पापव्यापारपारीणो रीणातुलचमूकुलः । विवेश देशं संरम्भी स कुम्भचरटोऽन्यदा ॥ ३४ ॥

अर्थः—(एवामां) एक दिवसे पाप कार्योनो पारंगामी, तथा अतुल्य सैन्यना समूहने हरावनारो ते उद्धत कुंभानामनो धाडपाडु (ते राजाना) देशमां दाखल थयो. ॥ ३४ ॥

सारवीरचयश्चन्द्रस्तद्वधाय दधाव च । अम.र्गत्वरितैः सैन्यैर्दुर्गमार्गान् रुरोध च ॥ ३५ ॥

अर्थः–शूरवीर सुभटोना समूहने (साथे लेइने) ते कुंभाने मारवा माटे चंद्रकुमार दोड्यो, तथा मुख्य मार्गने तजीने अवळे मार्गे वेगथी दोडता सैन्योथी तेणे [तेना] किल्लाना मार्गने रोकी दीधो. ॥ ३५ ॥

पलायमानमुन्निद्ररौद्रचन्द्रचमूभयाम् । तं रुरोध पुरोद्धर्षसहर्षसुभटोत्करः ॥ ३६ ॥

अर्थः–ते चंद्रकुमारनां सावधान तथा भयंकर लश्करना भयथी नाशता एवा ते कुंभाधाडपाडुने अगाडीना भागमां तैयार उभेला आनंदित सुभटोना समूहे घेरी लीधो. ॥ ३६ ॥

पुरतः पार्श्वतः पश्चान्मिलद्भिः स बलैरभूत् । वनेभः सर्वदिग्धावद्दवानल इवाकुलः ॥ ३७ ॥

अर्थः—तेथी आगळ, पडखेथी अने पाछडथी एकठां थयेलां लश्करवडे ते सर्व दिशाएथी दोडी आवता दावानलमां घेराइ गयेला हाथीनी पेठे व्याकुल थयो. ॥ १३ ॥

सेनासु तासु चरटो झञ्झासु करटो यथा । कथंचिज्जीवनोपायकणिकामप्यनाप्नुवन् ॥ ३८ ॥
न शौर्य वह्निलेशोऽपि मय्यस्तीति दिशन्निव । सनिःश्वासमुखन्यस्ततृणश्चन्द्राग्रतोऽलुठत् ॥ ३९ ॥

अर्थः—झंझावायुथी घेरायेला कागडानिपेठे, ते सैन्योथी घेरायेलो ते कुंभोचोर, कोइ पण रीते जीववाना उपायनो लेश पण नही मळवाथी, ॥ ३८ ॥ हवे मारामां शूरवीरता रूपी अग्निनो लेश पण नथी, एम जाणे जणावतो होय नही! तेम निःश्वाससहित मुखमां घास राखीने ते चंद्रकुमारपासे लोटवा लाग्यो. ॥ ३९ ॥

प्रसन्नहृदयः स्फीतदयस्तदयमुद्यशाः । हृष्यद्रोमालिमालिंगत्कुंभमुत्थाप्य भूपभूः ॥ ४० ॥

अर्थः—तेथी आनंदित हृदयवाळो, विस्तीर्ण दयावाळो, तथा फेलावो पामता यशवाळो ते चंद्रराजकुमार, हर्षित रोमश्रेणिवाळा ते कुंभाने उठाडीने आलिंगन देवा लाग्यो. ॥ ४० ॥

तदादि स्फुरदादित्यमहसं बहुसंमदः । चन्द्रं नृपोऽधिकं मेने पुत्रतोऽपि स्वतोऽपि च ॥ ४१ ॥

अर्थः—त्यारथी मांडीने अत्यंतसुखी थयेलो ते राजा जाज्वल्यमान सूर्य सरखा तेजवाळा ते चंद्रकुमारने पुत्रथी तथा पोताथी पण अधिक मानवा लाग्यो. ॥ ४० ॥

चन्द्राग्रभूरतृप्तस्तु योवराज्यश्रियापि सः । राज्याय सूरः क्रुरात्मा दधो पितृवधे धियम् ॥ ४१ ॥

अर्थः—हवे क्रुर हृदयवाळो चंद्रनो म्होटो भाइ ते सूरकुमार, युवराजनी पदवीथी पण असंतुष्ट थइने राज्य मेळववा माटे (पोताना) पिताने मारी नाखवानी बुद्धि धरवा लाग्यो. ॥ ४१ ॥

निशीथे निशितास्त्रोघो दूरं वञ्चितयामिकः । उन्मार्गैः सौधमाविष्टः कालादिष्टः फणीव सः ॥ ४२ ॥

अर्थः—सजेलां शस्त्रोना समूहवाळो ते सूरकुमार पहेरेगीरोने अत्यंत ठगीने, यमराजाए हुकम करेला सर्पनीपेठे मध्यरात्रीए छींडीने मार्गे राजमहेलमां दाखल थयो. ॥ ४२ ॥

ततः पराङ्मुखं सुप्तं तीव्रेणास्त्रेण भूपतिम् । स जघान घनं लोभः शोभते मूलमंहसाम् ॥ ४३ ॥

अर्थः—पछी उलटे मुखे सुतेला राजाने तेणे तीक्षणशस्त्रथी घायल कर्यो, अति लोभ ए पापोनुं मूळ छे. ॥ ४३ ॥

ततस्त्रसन्नसौ देव्या दृष्टः संमुखसुप्तया । घात्येष याति घात्येष यातीति पूत्कृतो रवः ॥ ४४ ॥

अर्थः—पछी (त्यांथी) नाशता एवा ते सूरकुमारने सामे सूतेली राणीए जोयो, (अने तेथी) आ खूनी नाशी जाय छे, आ खूनी नाशी जाय छे, एम तेणीए पोकार कर्यो. ॥ ४४ ॥

धावत्सु द्वारपालेषु भूपालेनेत्यभाषि च । कश्चायं घातक इति ज्ञातव्यो मैष हन्यताम् ॥ ४५ ॥

अर्थः—पछी पहेरेगीरो ज्यारे तेने पकडवाने दोडवा लाग्या, त्यारे राजाए कह्युं के आ खूनी कोण छे ? तेने ओळखवो छे, माटे हाल तेने मारशो नही. ॥ ४६ ॥

तनुजं मनुजस्वामी तं विज्ञाय विकारिणं । यूथाद्विनष्टं दासेरमिव देशान्निरासयत् ॥ ४७ ॥

अर्थः—पछी ते पुत्रने खूनी जाणीने राजाए उद्धत थयेला उंटने जेम टोळांमांथी कहाडी मेले, तेम तेने देशमांथी कहाडी मेल्यो.

त्वरवतुरगारूढैः स क्रमेलकमेलकैः । प्रधानपुंभिर्भूचंद्रः सुतं चन्द्रमथाह्वयत् ॥ ४८ ॥

अर्थः—पछी ते राजाए उंटने पण पकडी पाडे एवा वेगवंत घोडाओपर स्वार थयेला मंत्रीओ मारफत (पोताना) ते चंद्रनामना पुत्रने बोलाव्यो. ॥ ४८ ॥

जयसेनमथापृच्छ्य समायातस्तथास्थितम् । पितरं प्रेक्ष्य चन्द्रोऽभूदास्पदं हर्षदुःखयोः ॥ ४९ ॥

अर्थः—पछी ते जयसेन राजानी रजा लइने आवेलो ते चन्द्रकुमार तेवी हालतवाळा पिताने जोइने हर्ष तथा दुःखना स्थानरूप थयो.

निवेश्य तं सुतं राज्ये राजा तद्घातपीडया । सूरे समत्सरो मृत्वा द्वीपी क्वापि नगेऽभवत् ॥ ५० ॥

अर्थः—पछी ते चन्द्रकुमारने राज्यपर बेसाडीने, ते सूरकुमारपर वैर राखतोथको ते राजा ते घानी वेदनाथी मृत्यु पामीने पर्वतपर दीपडो थयो. ॥ ५० ॥

कलंकपंकिलः सोऽपि सूरो जीवन्कुकर्मभिः । चरन्देशान्तराण्याप वनं तद्द्वीपिदीपितम् ॥ ५१ ॥

अर्थः—कलंकथी मलीन थयेलो ते सूरकुमार पण कुकर्मोवडे जीवतो थको देशांतरमां भटकतो ते दीपडाथी भयंकर थयेला वनमां आवी चड्यो. ॥ ५१ ॥

पलायमानस्तत्रायमंहःसंहृतपौरुषः । जघ्ने प्राग्वैरवैरस्यात्कोपिना द्वीपिनामुना ॥ ५२ ॥

अर्थः—पापथी नष्ट थयेला बलवाळो ते जेवामां (त्यांथी) नाशवा लाग्यो, तेवामां पूर्वना वैरना द्वेषथी ते क्रोधातुर थयेला दीपडाए त्यांज तेने मारी नाख्यो. ॥ ५२ ॥

स सूरजीवस्तत्रैव वने यातः किरातताम् । पापर्द्धिवर्धितारम्भस्तेनैव द्वीपिना हतः ॥ ५३ ॥

अर्थः—(पछी) ते सूरकुमारनो जीव तेज वनमां भिल्लपणु पाम्यो, त्यां शिकारथी वृद्धि पामेला पापवाळा एवा तेने तेज दीपडाए मारी नाख्यो. ॥५३॥

सोऽपि द्वीपी हतः कोपाटोपान्धैस्तस्य बन्धुभिः । तावभूतामुभौ शैलवने तत्रैव पोत्रिणौ ॥ ५४ ॥

अर्थः-क्रोधना आवेशथी अंध थयेला तेना भाइओए ते दीपडाने पण मारी नाख्यो, पछी तेओ बन्ने तेज पर्वतना वनमां वराहो थया. ॥ ५४ ॥

तत्र त्रिवत्सरौ व्यक्तमत्सरौ तौ परस्परम् । संग्रामव्यसनव्यग्राववधील्लुब्धकव्रजः ॥ ५५ ॥

अर्थः—त्यां त्रण वर्षोनी उमरवाळा, प्रगटपणे द्वेष राखनारा, अने परस्पर लडवाना व्यसनमां आसक्त थयेला, एवा तेओ बन्नेने शिकारीओनी टोळीए मारी नाख्या. ॥ ५५ ॥

ततोऽन्यतो वने क्वापि मृगावभवतामुभौ । तथैव प्रथितद्वेषसमरौ शबरोऽवधीत् ॥ ५६ ॥

अर्थः—पछी कोइक बीजा वनमां तेओ बन्ने हरिणो थया, तथा तेवीज रीते द्वेषथी लडी मरता एवा तेओ बन्नेने (कोइएक) भिल्ले मारी नाख्या. ॥ ५६ ॥

गजपोतावथैकस्मिन्गजयूथे बभुवतुः । युध्यमानौ च तौ यूथभ्रष्टौ भिल्लगणोऽग्रहीत् ॥ ५७ ॥

अर्थः—पछी कोइ एक हाथीना टोळांमां तेओ बन्ने हाथीना बच्चां थया, अने त्यां (परस्पर) लडता थका टोळांथी विखूटा पडी जवाथी तेओ बन्नेने भिल्लोनी टोळीए पकडी लीधा. ॥ ५७ ॥

तौ परम्परया चन्द्रनरेन्द्रालयमायतुः । न्यषिध्येतां मुहुर्बद्धयुद्धावाघोरगैर्बलात् ॥ ५८ ॥

अर्थः—अनुक्रमे तेओ बन्ने चंद्रराजाने घेर आव्या, त्यां वारंवार लडीमरता एवा तेओ बन्नेने महावतो बहु मुश्केलीथी मूकावता हता. ॥ ५८ ॥

कदाचिदाययौ तत्र केवलालोकभासुरः । मुनिः सुदर्शनो नाम जिनदर्शनभास्करः ॥ ५९ ॥

अर्थः-(एवामां) एक दिवसे त्यां केवलज्ञानरूपी प्रकाशथी तेजस्वी थयेला, जैनशासनमां सूर्यसरखा सुदर्शननामना मुनिराज पधार्या.

मनोवृत्तीर्वहन्भक्तिगहनाः सह नागरैः । वनं ययौ मुनिं नन्तुकामः कामयिता भुवः ॥ ६० ॥

अर्थः—(ते वखते) ते राजा भक्तिथी गंभीर मनोवृत्तिने धारण करतोथको नागरिकोनी साथे ते मुनिराजने वांदवानी इच्छाथी ते वनमां गयो. ॥ ६० ॥

मुनिं नत्वाथ तत्त्वार्थवेदिनं मेदिनीपतिः । धर्मोपदेशपीयूषपूरं पातुमुपाविशत् ॥ ६१ ॥

अर्थः-पछी तात्विक अर्थोने जाणनारा एवा ते मुनिने नमीने ते चंद्रराजा (तेमनी) धर्मदेशनारूपी अमृतनो समूह पीवाने बेठा.

व्याख्यान्तेऽथ नृपोऽपृच्छत्केवली च न्यवेदयत् । तयोर्वारणयोर्वैरकारणं दूरदारुणम् ॥ ६२ ॥

अर्थः—पछी धर्मदेशनाने अंते राजाए पूछवाथी केवली भगवाने ते बन्ने हाथीओ वच्चेनुं अति भयंकर वैरनुं कारण जणावी दीधुं.

तच्चरित्रात्संवेगो भवोद्वेगेन वेगतः । प्रवव्राज स राजन्यः कृत्वा राजानमात्मजम् ॥ ६३ ॥

अर्थः—तेओना वृत्तांतथी थयेलो छे वैराग्य जेने, एवा ते चंद्रराजाए एकदम संसारथी कंटाळीने, पोताना पुत्रने राजा

करीने दीक्षा लीधी. ॥ ६३ ॥

विरराज स राजर्षिस्तपस्तपनतेजसा । ततोऽगाद्दिवमुद्दामसंमदामृतदीर्घिकाम् ॥ ६४ ॥

पछी ते चंद्रराजर्षि तपरूपी सूर्यना तेजथी दीपवा लाग्या, अने त्यारपछी अति दर्परूपी अमृतनी वाव सरखा देवलोकमां ते गया.

विवर्धिष्णुविरोधोर्मिदुर्धरौ तौ तु सिन्धुरौ । आद्यं दुःखरसास्वादकरकं नरकं गतौ ॥ ६५ ॥

अर्थः—विशेष प्रकारे वृद्धि पामता वैरना मोजांओथी उद्धत थयेला ते बन्ने हाथीओ तो, दुःखरसना स्वादना भाजन (कमंडलु) सरखी पेहेली नरकमां गया. । ६५ ।

तदुद्वृत्तौ च तौ लब्धजन्मानौ पापयोनिषु । अनन्तभवसंतप्तात्मानौ संचरतोऽभितः ॥ ६६ ॥

अर्थः—पछी त्यांथी निकळीने तेओ बन्ने दुष्ट योनिओमां जन्म लेइने, अनंता भवोमां दुःखो सहन करताथका चोतरफ भ्रमण करवा लाग्या. ॥ ६६ ॥

चन्द्रजीवस्तु स स्तुत्यं भुक्त्वा स्वर्गसुखं चिरम् । लब्ध्वा शुद्धमनुष्यत्वं स्वामी सिद्धिश्रियोऽभवत् ६७

अर्थः--ते चंद्रराजर्षिनो जीव तो प्रशंसनीय स्वर्गसुखने घणा काळसुधी भोगवीने, निर्मल मनुष्यभव पामी मोक्षलक्ष्मीनो मालीक थयो

अमुं दृष्टान्तमाकर्ण्य मुक्तिसंप्राप्तिकारणम् । अहिंसासेवकैर्भाव्यमिच्छद्भिः शिवमात्मनः ॥ ६८ ॥

अर्थः—मोक्षनी प्राप्तिना कारणरूप, एवुं आ दृष्टांत सांभळीने पोतानुं हित इच्छनारा प्राणीओए अहिंसाव्रतने सेवनारा थवुं. ६८

॥ अहिंसाव्रतउपर सूरचंद्रचरित्र संपूर्ण ॥

इति श्रीसूरचंद्रचरित्रं समाप्तम्